
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
અને
ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત

# સ્નાતક અધ્યાપન મંદિર, વેડછી

# વિવિધ કાર્યક્રમોના અહેવાલો


શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫ - ૨૦૨૬




માર્ગદર્શક:
ડો. અંજનાબેન ચૌધરી

તૈયાર કરનાર અધ્યાપક:
ડો. ભાવનાબેન મહેતા

# સાયન્સસિટીની મુલાકાત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્ કૉલેજ વેડછીમાંથી પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને તારીખ : ૨૩/૦૧/૨૦૨૫ના રોજ સાયન્સસિટીની મુલાકાત અમદાવાદ માટે સવારે ૭ વાગ્યે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં જઈ તાલીમાર્થીઓએ અલગ અલગ સાયન્સના પ્રોજેક્ટ્સનું અવલોકન કર્યું હતું. આપણા ભારત દેશની ટેકનોલોજી કેટલી આગળ વધી ગઈ છે તેનો ગર્વ લઈ શકાય તેવી માહિતી મળી હતી. ત્યાંથી નીકળ્યા બાદ અમદાવાદ ફ્લાવર શો લઈ જવામાં આવ્યા હતા.



રાત્રિના સમયે જાણે ફૂલો જગમગી રહ્યા હોય તેમ લાગતું હતું. ત્યાં રાસ રમતી સ્ત્રીઓ, પ્રાણીઓ વગેરેની રચના પુષ્પોની મદદથી તૈયાર કરવામાં આવ્યા હતા.





ફ્લાવર શો, અમદાવાદ

# માતૃભાષા દિવસની ઊજવણી(૨૦૨૫)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૧/૦૨/૨૦૨૫ના રોજ માતૃભાષા દિવસની ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. અંજનાબેન ચૌધરી તથા સમગ્ર અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ વાત એ રહી કે ઈંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એડ્યુકેશન (IITE), બી.એડ્.ના તાલીમાર્થીઓએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ અવસરે તાલીમાર્થીઓ દ્વારા ગુજલીશ નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, અને ચારણ કન્યા કાવ્યનું ગયન કરવામાં આવ્યું હતું. ગુજરાતી પદ્ધતિશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડૉ. ભાવનાબેન મહેતાએ ઉદ્બોધનમાં ગુજરાતી સાહિત્યના વારસાને ઉજાગર કર્યો હતો. આપણી ભાષા આપણો ગર્વ છે તે બાબતની જાગૃતિ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવી હતી.






# વર્ષાગીત સ્પર્ધા, મહેંદી, આરતીની ડીશ શણગાર, હેરસ્ટાઈ, ડ્રોઈંગ સ્પર્ધાઓ

સ્નાતક અધ્યાપન મંદિર , વેડછીમાં તારીખ 27-7-24, શનિવારના રોજ વર્ષાગીત સ્પર્ધા, મહેંદી, આરતીની ડીશ શણગાર, હેરસ્ટાઈ, ડ્રોઈંગ વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ.










# ગુરૂપૂર્ણિમાની ઊજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ, વેડછીમાં ગુરૂપૂર્ણિમાનો ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો.સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન પ્રાધ્યાપક ડૉ. ભાવનાબેન મહેતાએ કર્યું હતું. દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુક્યો ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓએ ગુરૂ પ્રત્યેનો પોતાનો અહોભાવ પ્રગટ કરતું વક્તવ્ય આપ્યું અને તમામ ગુરૂઓનું ગુરુપૂજન કર્યું તથા પુષ્પગુચ્છથી સત્કાર્યા. આ તકે પ્રાધ્યાપકોએ પ્રશિક્ષણાર્થીઓને ખૂબ સુંદર સંદેશ અને શુભેચ્છા પાઠવ્યા. પ્રાધ્યાપક શ્વેતાબેન ચૌધરીએ ગુરૂનું જીવનમાં મહત્ત્વ સમજાવ્યું. પ્રાધ્યાપક ડૉ. ક્રિષ્ના કટારાએ જણાવ્યું કે જીવનમાં પ્રાપ્ત કરેલા જ્ઞાનને વ્યવહારમાં મૂકવું આવશ્યક છે. માત્ર જ્ઞાન મેળવવાથી જ્ઞાની નથી બની શકાતું જ્યારે ડૉ. ભાવનાબેન મહેતાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ગુરુ અને શિષ્યના સંબંધ પરસ્પર પૂરક છે. ગુરૂ વગર શિષ્ય અને શિષ્ય વગર ગુરૂ અધૂરાં છે. તેઓએ જગતગુરૂ શ્રીકૃષ્ણ અને તેમનાં ગુરૂ સાંદિપનીનું સ્મરણ કરી, જૂની અને જાણીતી કહેવત "ગુરૂ કરતાં શિષ્ય ચઢ્યા" નો ઉલ્લેખ કરી ટલોમાર્થીઓને પણ ચડિયાતા બનવા માટેનો આગ્રહ કર્યો. તેઓએ વિવિધ ઉદાહરણો દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કર્યું અને ઉપસ્થિત તમામ પ્રશિક્ષણાર્થીઓનાં ઉજ્વળ ભવિષ્યની કામના સાથે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું. આમ, અધ્યાપકોએ છાત્રોને શુભેચ્છા પાઠવી. અંતે છાત્રોએ જાતે બનાવેલા કાર્ડથી અધ્યાપકો પ્રત્યેનો પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ગરિમાપૂર્ણ અને પ્રેરક રહ્યો.








# પ્રવેશોત્સવ કાર્યક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪

સ્નાતક અધ્યાપન મંદિર, ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં તારીખ: 15/7/24ના રોજ બી.એડ્નાં પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો. તેની ઝલક...











# શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા

તારીખ : 2/8/2025 ના રોજ સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ કોલેજ વેડછીમાં શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સેમ – 1 ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રા. મહેશભાઇ વાડિલે તેમજ ડો. રામભાઇ વિસાણાએ સમગ્ર કાર્યક્રમને સંચાલિત કર્યો હતો.













# ક્વિઝ કોમ્પિટિશન દેશભક્તિ ગીત, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાઓ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન ગાંધી વિદ્યાપીઠ સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કોલેજ વેડછીમાં તારીખ : ૦૨/૦૮/૨૦૨૫ના રોજ ક્વિઝ કોમ્પિટિશન, દેશભક્તિ ગીતની સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.








# ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ

સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ, પુષ્પાંજલિ અને શબ્દાંજલિનો ત્રિવેણી સંગમ થયો.વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ: 28/8/2025, ગુરુવારના રોજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ, પુષ્પાંજલિ અને શબ્દાંજલિનો ત્રિવેણી સંગમ થયો.કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી થયો ત્યારબાદ કોલેજના પ્રખ્યાતકોએ મળીને સર્વેએ ઝવેરચંદ મેઘાણીની પ્રતિમા સમક્ષ દીપ પ્રગટાવી પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારબાદ કોલેજનાં પ્રથમ અને દ્વિતીય વર્ષનાં તાલિમાર્થીઓએ અહોભાવ સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને શૌર્ય, રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, માતૃપ્રેમ, માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને સાહિત્ય પ્રત્યેનાં પ્રેમ વિશે તેમની જ રચનાઓ પ્રસ્તુત કરીને ખરાં અર્થમાં ભાવભીના શબ્દોથી શબ્દાંજલી આપી. કોલેજનાં ગુજરાતી પદ્ધતિશાસ્ત્રનાં પ્રાધ્યાપક ડૉ. ભાવના મહેતાએ ઝવેરચંદ મેઘાણીનાં જીવનનાં પ્રેરણાદાયી પ્રસંગો અને પંક્તિઓ પ્રસ્તુત કરીને સૌરાષ્ટ્રનાં સિંહસમા મેઘાણીને નમન કરતા જણાવ્યું કે પાળિયા બેઠા કરવાની તાકાત કલમમાં હોય છે. ઝવેરચંદ મેઘાણીએ પોતાની કલમનો ઉપયોગ કંઈક આવી જ રીતે સ્વતંત્રતા પ્રાપ્તિ માટે કર્યો. તેમના તત્કાલિન લેખો - કવિતાઓ વગેરે સ્વાતંત્રતાની જંગમાં સામેલ થવા માટે યુવાનોને ખુલ્લુ આહવાન હતું. અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ લડીને, સત્યાગ્રહો કરીને કે પછી ઝવેરચંદ મેઘાણી, વીર નર્મદ જેવા સાહિત્યકારોએ કલમના જોરે સ્વતંત્રતાને પામવા પોતાનાથી બનતું સઘળું કર્યું છે. અંતે આવા ઉમદા સાહિત્યકાર, રાષ્ટ્રપ્રેમી ઝવેરચંદ મેઘાણીને નમન કરી, મેઘાણી રચિત કાવ્ય "નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,ખબર છે આટલી કે માતની હાકલ પડી છે;જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે: ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે?"*- પંક્તિ દ્વારા પોતાનું વક્તવ્યપૂર્ણ કર્યું.કાર્યક્રમનાં અંતે મોર બની થનગાટ કરે ગીત પર નૃત્ય અને અષાઢી સાંજનાં અંબર ગાજે સમૂહગીત પ્રસ્તુત કરી સર્વેએ રાષ્ટ્રીય શાયરને નમન કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો. સમગ્ર કાર્યક્રમ આચાર્યા ડૉ. અંજનાબેન ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ અને ડૉ. ભાવનાબેન મહેતાનાં સંકલનથી સફળ બન્યો. તમામ અધ્યાપકો તેમજ તાલિમાર્થીઓએ સક્રિય સહભાગીતા દર્શાવી.





# એન્ટિ રેગિંગ & સાયબર સલામતી કાર્યક્રમ


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૦૫/૦૮/૨૦૨૫ના રોજ એન્ટિ રેગિંગ & સાયબર સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના વક્તા તરીકે ASI રાજુભાઈ, મહિલા પોલીસ, સાયબર એક્સપર્ટ મેહુલભાઈ આવ્યા હતા. જેમણે મહિલા સુરક્ષા અને સાયબર ક્રાઇમ વિશેની ઉપયોગી એવી માહિતી આપી. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. રામભાઈ વિસણાએ કર્યું હતું





# રવિન્દ્રનાથ ટાગોરની  પુણ્ય તિથિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ : 07/08/25 ના રોજ ગુરુવર્ય રવિન્દ્રનાથ ટાગોરની પુણ્ય તિથિ નિમિત્તે ભાવાંજલિ અર્પણ કરવા ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો... જેમાં દક્ષિણ ગુજરાતના જાણીતા લેખક મોહનભાઈ મઢીકર તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન મઢીકર(સ્વર સમ્રાજ્ઞી) ઉપસ્થિત રહ્યાં હતાં. બન્ને કાર્યક્રમ સંસ્થાનાં મંત્રીશ્રી, ડૉ. અંજનાબેન ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ યોજાયા હતાં.  આ તકે તાલીમાર્થીઓ તથા અધ્યાપકો સક્રિય રીતે જોડાયા હતાં.







# રક્ષાબંધન પર્વની અને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ: ૯/૮/૨૦૨૫ **રક્ષાબંધન પર્વની અને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી** કરવામાં આવી.આ તકે રક્ષાબંધન પર્વ નિમિત્તે મુખ્ય વક્તા તરીકે દક્ષિણ ગુજરાતનાં જાણીતા કવયિત્રી અને લેખિકા તથા અધ્યાપક ડૉ. સંધ્યાબહેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં જ્યારે આદિવાસી દિવસ સંદર્ભે વ્યાખ્યાન આપવા આદીવાસી સમાજને પોતાની સંસ્કૃતિ માટે જાગૃત કરવા સતત મથતા વડિલશ્રી મનોજભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. બન્ને કાર્યક્રમ સંસ્થાનાં મંત્રીશ્રી, ડૉ. અંજનાબેન ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ યોજાયા હતાં. આ તકે તાલીમાર્થીઓ તથા અધ્યાપકો સક્રિય રીતે જોડાયા




હતાં.સમગ્ર કાર્યક્રમ ૨ સત્રમાં યોજાયો હતો. પ્રથમ સત્રમાં રક્ષાબંધનનો કાર્યક્રમ અને દ્વિતીય સત્રમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ સત્રમાં સંસ્થાનાં મંત્રી ડૉ.અંજનાબેન ચૌધરીએ સૌને સત્કાર્યા હતાં અને પ્રસ્તાવિક વક્તવ્ય આપ્યું હતું. એક ભાઈને બહેન દ્વારા પ્રતીક રાખડી બાંધી



રક્ષાબંધન પર્વનો પ્રારંભ કર્યો હતો. સાથે જ તાલીમાર્થીઓએ અગાઉથી જ બનાવેલી સુતરના તાતણાની જાતે બનાવેલી રાખડીઓ બાંધીને તમામે એકબીજાને રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી હતી. અને સંસ્થા દ્વારા સૌનું પેંડાથી મીઠું મોઢું કરવામાં આવ્યું હતું. વળી અધ્યાપક ડૉ. ભાવના મહેતા તથા પ્રો. અવની જોશી એ આ પર્વ નિમિત્તે વક્તવ્ય આપ્યું હતું. બે પ્રશિક્ષણાર્થીઓએ પણ વક્તવ્ય આપ્યું હતું સાથે જ મુખ્ય વક્તા ડૉ. સંધ્યાબેન ભટ્ટે કવિ અવિનાશ વ્યાસ, બળવંત ઠાકોર, વિષ્ણુ ભાલીયા, ચંદ્રકાંત ટોપીવાલા વગેરે સાહિત્યકારોની ભાઈ-બહેન વિશેની કવિતાઓને યાદ કરી રક્ષાબંધન નિમિત્તે ખુબ જ રસાયણ શૈલીમાં પોતાનું વ્યાખ્યાન પ્રસ્તુત કર્યું હતું. કોલેજનાં પ્રશિક્ષણાર્થીઓએ ચૌધરીજોડુ , ગામીતજોડુ, કોંકણી જોડું, ઢોડિયા પટેલ, ડાંગી, મરાઠી, વસાવા વગેરે જોડા બનીને આદિવાસી સમાજનાં રીત-રીવાજોની પોતાની પ્રાદેશિક બોલીમાં રજુઆત કરી. આ તકે શ્રી મનોજભાઈ ચૌધરીએ આદિવાસી સમાજનાં રીત-રીવાજોની પોતાની પ્રાદેશિક બોલીમાં આગવી છટાથી રજુઆત કરી. તેમણે પર્યાવરણ જતન, સંસ્કૃતિ સંરક્ષણ અને આદિવાસીઓનાં અધિકારો પ્રત્યે જાગૃત થવા નવી પેઢીને આહવાન કર્યું હતું. કાર્યક્રમનાં અંતે એફ. વાય. બી. એડ્. ની તાલીમાર્થીનીઓએ આદિવાસી નૃત્ય પ્રસ્તુત કરી, જય જોહર જય આદિવાસીનાં નાદ સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.



# વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ વેડછીમાં આજ તારીખ : ૨૧/૦૮/૨૦૨૫ રોજ "વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં કોલેજના આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ યોજાયો. SSIP કોર્ડીનેટર પ્રો. મહેશભાઈ વાડિલેએ તજજ્ઞશ્રી બિપીનભાઈ ચૌધરીને પુષ્પગુચ્છથી સત્કાર્યા તથા તેઓશ્રીનો પરિચય આપ્યો હતો. આ તકે કોલેજનાં તમામ અધ્યાપકશ્રીઓ તથા પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ સક્રિય રીતે સહભાગી બન્યા હતાં.





વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ અંતર્ગત "રુરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યુટ, વ્યારા" નાં ઉદ્યોગ સાહસિકશ્રી બિપીનભાઈ ચૌધરીએ પોતાનાં વ્યાખ્યાનમાં સોલાર એનર્જી વિષયક, કૃષિ વિષયક, ઔષધિય વનસ્પતિ ઉછેર, વ્યાવસાયિક ફૂલ ઉછેર, પશુ-પાલન, હાઉસ વાયરીંગ, પ્લમ્બિંગ, પરંપરાગત વ્યવસાયો વગેરે વિશે ઉપયોગી માહિતી આપી. કાર્યક્રમનાં અંતે ડો. રામભાઈ વિસાણાએ તજજ્ઞશ્રીનો આભાર માન્યો.



# નર્મદ જયંતિની ગરિમાપૂર્ણ

## સ્નાતક અધ્યાપન મંદિર, વેડછીમાં વીર નર્મદ જયંતિની ગરિમાપૂર્ણ ઉજવણી "નવી પેઢીમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યકારો પ્રત્યે આદર અકબંધ રાખવા કાર્યક્રમ યોજાયો."



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ : ૨૪/૦૮/૨૦૨૫ વીર નર્મદ જન્મ જયંતિ નિમિતે ગુજરાતી ભાષા દિન તથા પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો. નવી પેઢીમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યકારો પ્રત્યે આદર અકબંધ રાખવા કાર્યક્રમ યોજાયો.એફ.વાય. બી.એડ્.ની તાલીમાર્થી સારીકા ભાવર દ્વારા "ડગલું ભર્યું કે ના હટવું" ગીતનું મનમોહક સૂરોમાં ગાયન પ્રસ્તુત થયુ. તાલીમાર્થી ચૌધરી સ્નેહલ અને વળવી અંકિતાએ અનુક્મે ગુજરાતી ભાષા દિવસ અને વીર નર્મદના જીવન-કવન વિશે ગરિમા પૂર્ણ વક્તવ્ય આપ્યું. એફવાયની બહેનોએ નર્મદ રચિત "જય જય ગરવી ગુજરાત" ગીત પર સુંદર મજાનું નૃત્ય પ્રસ્તુત કર્યું. કોલેજના ગુજરાતી પદ્ધતિશાસ્ત્રના અધ્યાપક ડૉ. ભાવના મહેતાએ વીર નર્મદના જીવન-કવન વિશે ખૂબ ગરીમપૂર્ણ અને સંદર્ભો સાથે માહિતીસભર વ્યાખ્યાન આપ્યું.

સંસ્થાના વડિલશ્રી અને કાર્યક્રમનાં અધ્યક્ષ ડૉ. અંજનાબેન ચૌધરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, જે ભાષામાં સ્વપ્ન આવે તે ભાષા આપણી, અચાનક આપણા મુખમાંથી જે શબ્દો સરી પડે તે ભાષા આપણી. વધુમાં જણાવ્યું કે, જનની-જન્મભૂમિ-માતૃભાષા આ ત્રણનું સ્થાન અનન્ય હોવું જોઈએ. વીર નર્મદ પાસેથી ઘણું બધું શીખી શકાય પણ, તેમની કવિતા ડગલું ભર્યું કે ના હટવું કવિતાને જીવનમાં ઉતારીએ તો બેડો પાર થઈ જાય. વધુમાં કહ્યું કે, આપણે પણ દ્રઢ નિશ્ચયી બનવાની જરૂર છે. એક વખત ડગલું આગળ માંડ્યા પછી પાછા તો નહીં જ હટવું જોઈએ. ત્યાં જ ખૂંચી જવું અને ઊગી નીકળવું પરંતુ, પાછું તો ન જ વળવું. આવો દ્રઢ સંકલ્પ સૌ કોઈએ કરવો જોઈએ. જો પાછું ન વળવું હોય તો આંખેથી શુદ્ધ કરેલા માર્ગે ચાલવું અને વિચારીને શુદ્ધ કરેલું બોલવું જોઈએ. આમ, તેઓએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને જીવનનો પાઠ શીખવ્યો. ત્યારબાદ પ્રશિક્ષણાર્થી બહેનોએ "જય જય ગરવી ગુજરાત" ગીત પર નૃત્ય પ્રસ્તુત કર્યું અને છેલ્લે સૌએ સાથે મળી નર્મદ રચિત ગીતનું સમૂહમાં ગાયન કર્યું. અંતે પ્રા. પલ્લવીબેન ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો.સમગ્ર કાર્યક્રમ સંસ્થાનાં મંત્રીશ્રી, ડૉ. અંજનાબેન ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ તકે તાલીમાર્થીઓ તથા અધ્યાપકો સક્રિય રીતે જોડાયા હતાં. સમગ્ર કાર્યક્રમ ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો.




# ઝવેરચંદ મેઘાણીજીની જન્મજયંતિ

"તારી કવિતા તણા જેને પીધેલ હશે પાણી,

લાખો સરોવર લાગશે એને મોળા મેઘાણી"

તારીખ: 28/08/2025 નાં રોજ ગુજરાતી સાહિત્યના શિરોમણી, પહાડનું બાળક, સ્નાતક અધ્યાપન મંદિર, વેડછીમાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીજીની જન્મજયંતિ પર ગુજરાતી પદ્ધતિશાસ્ત્રના અધ્યાપકનાં માર્ગદર્શન હેઠળ ભાવવંદના કાર્યક્રમ યોજાયો.... પ્રશિક્ષણાર્થીઓએ મેઘાણીજીની ખુમારી અને શૌર્યરસથી ભરપૂર રચનાઓ પ્રસ્તુત કરી... જેની ઝલક અહીં છે...









# રાષ્ટ્રીય રમતગમત દિન

સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ કોલેજ, વેડછીમાં મેજર ધ્યાનચંદની જન્મ જયંતી નિમિત્તે "રાષ્ટ્રીય રમતગમત દિનની" ઉજવણી કરાઈ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ કોલેજ વેડછી ખાતે **તારીખ 29/08/2025** ના રોજ **મેજર ધ્યાનચંદ જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય રમતગમત દિવસ** નું આયોજન કરવામાં આવ્યું હતું . કોલેજના આચાર્ય ડો. અંજનાબેન ચૌધરી સંસ્થાના મંત્રી તથા સમગ્ર સ્ટાફ દ્વારા મેજર ધ્યાનચંદના ચિત્ર સમક્ષ દીપ પ્રગટાવી પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન એફવાય ના તાલીમાર્થી ચૌધરી નેહા એ મેજર ધ્યાનચંદના "જીવન પરિચય"પર વક્તવ્ય આપ્યું હતું. એસવાય ના તાલીમાર્થી ગામીત તૃપ્તિએ મેજર ધ્યાનચંદના ઓલમ્પિક અને પૂર્વ આફ્રિકન પ્રવાસ અને અંતિમ ટુર્નામેન્ટ પર વક્તવ્ય આપ્યું હતું. બી.એડ કોલેજના પ્રાધ્યાપક ડો.ક્રિષ્ના કટારાએ મેજર ધ્યાનચંદના વારસો ,સન્માન અને એવોર્ડ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ગામીત ક્રિષ્ના બેને મેજર ધ્યાનચંદના વિષયને અનુલક્ષીને પ્રશ્નોત્તરી કરી હતી. જ્યારે ગામીત રીનાબેને મેજર ધ્યાનચંદના જીવનથી પ્રેરિત એક પ્રેરક પ્રસંગ રજૂ કર્યો હતો. "રાષ્ટ્રીય રમત ગમત દિવસ" નિમિત્તે પ્રાધ્યાપકો તથા સર્વે તાલીમાર્થીઓને પ્રેરણાબેને શપથ લેવડાવ્યા. આ કાર્યક્રમ અંતર્ગત એફવાય અને એસવાય ના તાલીમાર્થીઓએ ચેસ, કેરમ અને સંગીત ખુરશી જેવી રમતમાં ભાગ લીધો હતો. જેમાં સંગીત ખુરશીની રમતમાં નિરીક્ષક તરીકે ડો.અંજનાબેન ચૌધરી અને ડો.રામ વિસાણા એ કામગીરી કરી.જ્યારે ચેસ અને કેરમની રમતમાં ડો. સોહેલ મુલ્લા અને પલ્લવી ચૌધરી નિરીક્ષક તરીકેની ફરજ બજાવી.કાર્યક્રમ માં આભાર વિધિ ગામીત ગ્રેસ એ કરી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રાધ્યાપક ડો. ક્રિષ્ણાબેન કટારાએ કર્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ કોલેજના ડો. અંજનાબેન ચૌધરી ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.


# શિક્ષકદિનની ઊજવણી

## ગાંધી વિદ્યાપીઠ વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, વેડછીમાં શિક્ષકદિન ઉજવાયો.

તારીખ : 05/09/2025, શુક્રવારના રોજ આમ તો જાહેર રજા હતી. પરંતુ સર્વના (આચાર્ય, અધ્યાપકો અને તાલીમાર્થીઓનાં) મતે રાષ્ટ્રીય શિક્ષકદિનની ઉજવણી આજે જ કરવાનું નક્કિ કર્યું. આ અર્થે સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કોલેજ, વેડછીમાં ગરીમાપૂર્ણ રીતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. અધ્યાપક બનેલા તાલીમાર્થીઓ વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરી ધન્ય થયા હોય એવી અનુભૂતિ કરી.

આજના સમગ્ર કાર્યક્રમનું સંચાલન આજના દિવસ માટે બનેલ આચાર્યશ્રી વળવી અતુલભાઈએ કર્યું હતું .શિક્ષકદિન નિમિત્તે S.Y. B.ED. નાં ૧૨ તાલીમાર્થીઓએ અધ્યાપક તરીકેની ભૂમિકા ભજવી. જ્યારે બિનશૈક્ષણિક સ્ટાફ તરીકે બે પટાવાળા અને એક ક્લાર્ક તરીકેની ફરજ બજાવી હતી. શિક્ષક બનેલા તાલીમાર્થીઓએ સમય પત્ર મુજબ વર્ગખંડમાં સમયસર જઈને શિક્ષણ કાર્ય કર્યું. કાર્યક્રમના અંતમાં આજે બનેલ આચાર્યશ્રી વળવી અતુલભાઈએ પોતાનો અનુભવ રજૂ કર્યો . ત્યાર બાદ એફ.વાયની તાલીમાર્થી કોંકણી યોગિતાબેન એ ડૉ . સર્વપલ્લી રાધાકૃષ્ણ વિષેના પોતાના વિચારો રજૂ કર્યા . જ્યારે એસ.વાયની તાલીમાર્થી પટેલ વૈભવીબેન એ શિક્ષકના મૂલ્ય વિશે પોતાના વિચારો રજૂ કર્યા. ગુરુઓના મહત્વ વિશેનું વક્તવ્ય વસાવા તુલસીદાસએ રજૂ કર્યું .



આ કાર્યક્રમમાં અધ્યાપક શ્રી મહેશભાઈ વાડીલેસાહેબે શિક્ષકદિન નિમિત્તે વ્યાખ્યાન આપ્યું. તેઓએ અનેક મહાનુભાવોનાં સંદર્ભો સાથે ખૂબ ગહન અને ચિંતનાત્મક વ્યાખ્યાન આપ્યુ. શિક્ષક દિન નિમિત્તે ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પ્રશિક્ષણાર્થીઓએ જાતે બનાવેલ કાર્ડ અર્પણ કર્યા. આજે અધ્યાપક બનેલાં પોતાનાં સહાધ્યાયીઓ પાસે શીખવાનો થયેલો અનુભવ એફ. વાયની તાલીમાર્થી પટેલ કાજલબેન તથા એસ.વાયની તાલીમાર્થી પાડવી અંજલીબેનએ રજૂ કર્યા . ત્યાર બાદ શિક્ષક બનેલા તાલીમાર્થી ચૌધરી વૈષ્ણવભાઈએ પોતાનો અનુભવ રજુ કર્યા .આ કાર્યક્રમના અંતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. અંજનાબેન ચૌધરીએ આશીર્વચનો પાઠવ્યા. સમગ્ર કાર્યક્રમ સંદર્ભે ગામીત દિપ્તીબેનએ આભાર વ્યક્ત કર્યો. અંતે સૌએ સાથે મળી રાષ્ટ્રગીતનું ગાન કર્યું.આ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. તમામ અધ્યાપકો અને તાલીમાર્થીઓએ એક યાદગાર દિવસનો આનંદ માણ્યો.



# બ્લોક_કોડિંગ_વિથ_પાયથોન_પ્રોગ્રામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં આજરોજ તારીખ : 06/09/25નાં રોજ #ઇનોવેશન_ક્લબ અંતર્ગત **#બ્લોક_કોડિંગ_વિથ_પાયથોન_પ્રોગ્રામ** યોજાયો. આ સાથે જ #30_કલાકનાં_સર્ટીફીકેટ_કોર્ષનો આજથી પ્રારંભ થયો છે. આ તકે... સિનિયર ડેટા સાયન્ટિસ્ટ તરીકે #ગુગલ સાથે કાર્યરત ડેટાબેઝ એક્સપર્ટ અને GENAI એક્સપર્ટ #ડૉ_રોનક_પંચાલનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું.

સંસ્થાના આચાર્યશ્રી ડૉ. અંજનાબહેન ચૌધરીએ અતિથિ વિશેષને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ પ્રાધ્યાપક મહેશભાઈ વાડીલેએ શાબ્દિક સ્વાગત કરી તેઓને આવકાર્યા. સાથે જ ડૉ. ભાવનાબહેન મહેતાએ અતિથિશ્રીનો વિશેષ વ્યવસાયિક પરિચય આપી ફરી સત્કાર્યા. ત્યારબાદ ડૉ. રોનક પંચાલ દ્વારા વિવિધ જોબ ઓપર્ચ્યુનિટી અને કેરિયરમાં AI, ચેટજીટીપી વગેરેનો પોતાના વ્યવસાયમાં કઈ રીતે ગુણવત્તા યુક્ત ઉપયોગ કરી શકાય તેના માટે ઊંડાણપૂર્વક માહિતી અને માર્ગદર્શન પૂરા પાડ્યા. અંતે આભાર દર્શન ડૉ. સોહેલભાઈ જી. મુલ્લા દ્વારા કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો. આ તકે સર્વે તાલીમાર્થીઓએ કંઈક વિશેષ મેળવ્યાનો સંતોષ અનુભવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રોફેસર મહેશભાઈ વાડીલેએ કર્યું હતું.



# માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૧૭/૦૯/૨૦૨૫ના રોજ **માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમનું** આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તા તરીકેની ભૂમિકા ડૉ. રામભાઇ વિસાણાએ ભજવી હતી. સાથે જ ડૉ.





# પ્રવેશોત્સવ -2025

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ : ૧૪/૦૭/૨૦૨૫ ગરિમાપૂર્ણ રીતે પ્રવેશોત્સવ -2025 યોજાયો.**

આ તકે ગાંધી વિદ્યાપીઠ વેડછીના આદરણીય પ્રમુખશ્રી અમરસિંહભાઈ ચૌધરી અને વર્ષો સુધી બી.એડ્. કોલેજમાં પ્રોફેસર તથા આચાર્ય તરીકે ફરજ બજાવી નિવૃતિમાં પણ સતત પ્રવૃત રહેતા આદરણીય ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ ગીતાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા હતાં. તેમની પ્રેરક ઉપસ્થિતિ અને પ્રેરણા પૂરી પાડતું પ્રાસંગિક ઉદદબોધન યાદગાર રહ્યાં સાથે જ પ્રશિક્ષણાર્થીઓને તિલક કરી આવકાર્યા અને સૌને પેંડા દ્વારા મીઠું મોં કરાવ્યું. પ્રસ્તુત છે આ ગરિમાપૂર્ણ કાર્યક્રમની કચકડે મઢેલી સ્મૃતિઓ....







# વિશિષ્ટ બાળકોની શાળાની મુલાકાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતન સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીના ત્રીજા સેમેસ્ટરના અભ્યાસક્રમના ભાગરૂપે સ્વની ઓળખ માટે પાંચ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. આ પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિશિષ્ટ બાળકોની શાળાની મુલાકાત કરવાનો વિષય પણ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને ડાંગ જિલ્લાના શિવારીમાળ વિસ્તારમાં આવેલી પ્રજ્ઞા મંદિર અંધજન શાળાની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા. આ શાળામાં અંધ અને અપંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. માનવ કલ્યાણ ટ્રસ્ટ, નવસારી તેમની મુખ્ય સંચાલક સંસ્થા છે. દ્રષ્ટિ બાધિત વિદ્યાર્થીઓ માટે બ્રેઇલ લિપિનું શિક્ષણ સંગીત, હસ્તકલા અને અન્ય જીવનલક્ષી કૌશલ્ય શીખવવાની તાલીમ આપવામાં આવે છે. ગામના સરપંચ સ્થાનિક અધિકારીઓ અને મહાનુભાવો પણ આવી શાળામાં સતત સહયોગી બની રહે છે આ ઉપરાંત વર્તમાન સમયમાં માત્ર અંધ વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ, અપંગ અને સામાન્ય વિદ્યાર્થીઓ પણ આ શાળામાં અભ્યાસ કરે છે. સમાવેશી શિક્ષણ ની સંકલ્પના પ્રશિક્ષણાર્થીઓને સ્પષ્ટતા થાય અને તેનાં વ્યક્તિત્વ વિકાસના તમામ કૌશલ્ય કેળવી શકે તેવા હેતુથી આ સંસ્થાની મુલાકાત તારીખ 18 સપ્ટેમ્બર, 2025 ના રોજ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીએ તાલીમાર્થીઓએ વિદ્યાર્થીઓને સુંદર મજાની પ્રવૃત્તિઓ કરાવી તેમની સાથે લગભગ બે કલાકનો સમય પસાર કર્યો અને આવા વિદ્યાર્થીઓને ઓળખવા અને સમજવાનો સંતોષ પ્રાપ્ત કર્યો.










# ડાંગ જિલ્લાના શિવારીમાળ વિસ્તારમાં આવેલી પ્રજ્ઞા મંદિર અંધજન શાળાની મુલાકાત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતન સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીના ત્રીજા સેમેસ્ટરના અભ્યાસક્રમના ભાગરૂપે સ્વની ઓળખ માટે પાંચ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. આ પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિશિષ્ટ બાળકોની શાળાની મુલાકાત કરવાનો વિષય પણ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને ડાંગ જિલ્લાના શિવારીમાળ વિસ્તારમાં આવેલી પ્રજ્ઞા મંદિર અંધજન શાળાની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા. આ શાળામાં અંધ અને અપંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. માનવ કલ્યાણ ટ્રસ્ટ, નવસારી તેમની મુખ્ય સંચાલક સંસ્થા છે. દ્રષ્ટિ બાધિત વિદ્યાર્થીઓ માટે બ્રેઇલ લિપિનું શિક્ષણ સંગીત, હસ્તકલા અને અન્ય જીવનલક્ષી કૌશલ્ય શીખવવાની તાલીમ આપવામાં આવે છે. ગામના સરપંચ સ્થાનિક અધિકારીઓ અને મહાનુભાવો પણ આવી શાળામાં સતત સહયોગી બની રહે છે આ ઉપરાંત વર્તમાન સમયમાં માત્ર અંધ વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ, અપંગ અને સામાન્ય વિદ્યાર્થીઓ પણ આ શાળામાં અભ્યાસ કરે છે. સમાવેશી શિક્ષણ ની સંકલ્પના પ્રશિક્ષણાર્થીઓને સ્પષ્ટતા થાય અને તેનાં વ્યક્તિત્વ વિકાસના તમામ કૌશલ્ય કેળવી શકે તેવા હેતુથી આ સંસ્થાની મુલાકાત તારીખ 18 સપ્ટેમ્બર, 2025 ના રોજ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીએ તાલીમાર્થીઓએ વિદ્યાર્થીઓને સુંદર મજાની પ્રવૃત્તિઓ કરાવી તેમની સાથે લગભગ બે કલાકનો સમય પસાર કર્યો અને આવા વિદ્યાર્થીઓને ઓળખવા અને સમજવાનો સંતોષ પ્રાપ્ત કર્યો









# સાયબર સિક્યુરિટી અવેરનેસ કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૨૦/૦૯/૨૦૨૫ ના રોજ સાયબર સિક્યુરિટી અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના વક્તા પ્રો. મહેશભાઇ વાડિલેએ  આજના સમયમાં જે AI નું વર્ચસ્વ વધી રહ્યું છે તે સંદર્ભે અને આ AI ના ઉપયોગ થકી જે સાયબર ફ્રોડ થઈ રહ્યા છે તેના વિશે તાલીમાર્થીઓને માહિતી આપી હતી. વિવિધ ઉદાહરણો અને સરકારી સુવિધાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપી. સાથે જ દરેક વ્યક્તિએ પોતે કેટલી જાગૃતતા રાખવાની જરૂર છે એ પણ જણાવ્યું.

# નવરાત્રિની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ ૩૦/૦૯/૨૦૨૫ના દિવસે નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે તાલીમાર્થી અને અધ્યાપકો દ્વારા ગરબાની રમઝટ માણવામાં આવી હતી. સાથે સ્વાદિષ્ટ ભોજનની લિજ્જત માણીને સૌએ મીઠા સ્મરણોને હૃદયમાં સાચવી લીધા. આ ક્ષણોને કચકડે મઢી એ તસ્વીર....



# ગાંધી જયંતિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ : ૦૨/૧૦/૨૦૨૫ના રોજ ગાંધી જયંતિની ઊજવણી કરવામાં આવી હતી. આ અવસરે વક્તા તરીકે અર્જુનભાઈ ચૌધરી આવ્યા હતા. આ દિવસે તાલીમાર્થીઓ અને પધારેલા મહેમાનો દ્વારા સમૂહ કાંતણ, સ્વચ્છતા અભિયાન અને અર્જુનભાઈ ચૌધરી દ્વારા ગાંધીજીના જીવન પ્રસંગો ઉજાગર કરવામાં આવ્યા હતા. તેમની વાતોથી તો જાણે આખા કાર્યક્રમનું વાતાવરણ જ ગાંધીમય બની ગયું હોય તેમ લાગતું હતું. વ્યાખ્યાન અને કાંતણ બાદ સમગ્ર કેમ્પસને સાફ કરી ખરા અર્થમાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.





# <u>સ્નાતક અધ્યાપન મંદિર(બી.એડ્.)કોલેજની ઝળહળતી સિદ્ધિ</u>

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં આવી ગૌરવાન્વિત ક્ષણો...

દક્ષિણ ગુજરાતની ગાંધી ચિન્ધ્યા માર્ગે ચાલનારી અનન્ય સંસ્થા સ્નાતક અધ્યાપન મંદિરનાં એસ.વાય, બી.એડ્.નાં તાલીમાર્થીઓની અને અધ્યાપકોની મહેનત રંગ લાવી. એસ.વાય, બી.એડ્.નાં કુલ 49 તાલીમાર્થીઓ પૈકી તમામ 49 તાલીમાર્થીઓને ત્રીજા સેમેસ્ટરના યુનિવર્સીટીનાં પરિણામમાં ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટીંક્શન પ્રાપ્ત થયેલ છે. વિશેષ આનંદની વાત એ છે કે, કુલ ૪૯ તાલીમાર્થીઓ પૈકી ૧૭ તાલીમાર્થીઓ ૮૩% થી ૯૦% વચ્ચે અને ૩૨ તાલીમાર્થીઓ ૯૦%થી વધુ ગુણ ધરાવે છે. એટલે કે, લગભગ ૮૦ ટકા તાલીમાર્થીઓને 90% થી વધુ ગુણ પ્રાપ્ત થયા છે. નોંધનીય છે કે, કોલેજકક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર તાલીમાર્થીને 95% અને પાંચમાં નંબર પર ૯૩.૪૪% વચ્ચે કુલ ૦૭ તાલીમાર્થીઓનો સમાવેશ થાય છે.

કોલેજનું સમગ્રલક્ષી પરિણામ ઉચ્ચકક્ષાનું પ્રાપ્ત થતાં ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી અને તમામ અધ્યાપકશ્રીઓએ તાલીમાર્થીઓને અનેકાનેક શુભકામનાઓ આપી. સમગ્ર કોલેજનું ભાવાવરણ શીખવા માટે અનૂકૂળ અને પ્રેરક બની રહે તેવો સંસ્થાનાં પ્રમુખ શ્રી અમરસિંહભાઈ ઝેડ. ચૌધરી, આચાર્યાશ્રી અને તમામ અધ્યાપકશ્રીઓ દ્વારા સતત કાળજી રાખવામાં આવે છે



દિવ્ય ભાસ્કર બારડોલી-વ્યારા ભાસ્કર 28-11-2025

## બી.એડ્. કોલેજના ત્રીજા સેમેસ્ટરના તમામ તાલીમાર્થીઓને ડિસ્ટિંક્શન

### ગાંધી વિદ્યાપીઠમાં 32 તાલીમાર્થીઓએ 90% થી વધુ ગુણ મેળવ્યા

ભાસ્કર ન્યૂઝ | વાલોડ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગણાતી અને ગાંધી વિદ્યાપીઠ દ્વારા સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીની એક ગૌરવાન્વિત સિદ્ધિ હાંસલ કરી છે. કોલેજના એસ.વાય. બી.એડ્.ના કુલ 49 તાલીમાર્થીઓમાંથી તમામ 49 તાલીમાર્થીઓએ યુનિવર્સિટીના ત્રીજા સેમેસ્ટરમાં ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટિંક્શન મેળવતા સમગ્ર સંસ્થામાં ખુશીનો માહોલ સર્જાયો છે.

ખાસ નોંધનીય વાત એ છે કે 17 તાલીમાર્થીઓએ 83% થી 90% ગુણ મેળવ્યા છે, જ્યારે 32 તાલીમાર્થીઓએ 90% થી વધુ ગુણ હાંસલ કર્યા છે. એટલે કે, કોલેજના અંદાજે 80 ટકા તાલીમાર્થીઓ 90% થી ઉપર ગુણ મેળવનાર બનીને ઉજ્જવળ પરિણામનું નવું પાનુ લખ્યું છે.કોલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર તાલીમાર્થીએ 95%, જ્યારે પાંચમા ક્રમે રહેલા તાલીમાર્થીએ 93.44% ગુણ મેળવ્યા છે. ટોચના ક્રમમાં આવતા કુલ 7 તાલીમાર્થીઓએ 93% થી વધુ ગુણ મેળવી કોલેજનું નામ ગૌરવપૂર્વક ઉંચું રાખ્યું છે.

ફળદ્રુપ શૈક્ષણિક વાતાવરણ, માર્ગદર્શન અને તાલીમને કારણે કોલેજનું સમગ્રલક્ષી પરિણામ વિશેષ સંતોષજનક રહ્યું છે. સંસ્થાનાં પ્રમુખ અમરસિંહભાઈ ઝેડ. ચૌધરી, આચાર્યા તથા તમામ અધ્યાપકો દ્વારા તાલીમાર્થીઓને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે કોલેજમાં શીખવાની પ્રક્રિયા વધુ સક્રિય, પ્રેરક અને ગુણવત્તાસભર રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે.આ અભૂતપૂર્વ પરિણામે સંસ્થાનો શૈક્ષણિક ધોરણ વધુ મજબૂત બન્યો છે તથા તાલીમાર્થીઓએ ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા મેળવી છે.

# સરદાર પટેલ સંગોષ્ઠી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીથી તારીખ : ૧૫/૧૨/૨૦૨૫ના રોજ સરદાર પટેલ સંગોષ્ઠી માટે સાંજે બારડોલી જવા માટે સૌ તાલીમાર્થીઓ અને અધ્યાપકો તેમજ આચાર્યશ્રી નીકળ્યાં. દર વર્ષે સ્વરાજ આશ્રમ-બારડોલી દ્વારા સરદાર પટેલની પૂણ્યતિથીનાં દિવસે આ કાર્યક્રમ ઉજવવામાં આવે છે. આ વર્ષે મુખ્ય વક્તા તરીકે ડૉ. વિશાલ ભાદાણીને આમંત્રિત કર્યા  હતા. તેમણે સરદાર પટેલ વિશે તેમજ તેમને લગતા જીવન પ્રસંગો વિશેની હૃદયસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું.

વ્યાખ્યાન બાદ  બધા માટે ભોજન-પ્રસાદની વ્યવસ્થા હતી. સૌએ જ્ઞાનનો અને અન્નનો એમ બેવડો ઓડકાર ખાઈને સંતૃપ્તિનો અહેસાસ કર્યો. ત્યાર બાદ પરત વેડછી આવી પહોંચ્યા.



# અટલ બિહારી બાજપેયજીની જન્મજયંતિ અંતર્ગત કાવ્ય પઠન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ : ૧૯/૧૨/૨૦૨૫ના રોજ અટલ બિહારી બાજપેયજીની જન્મજયંતિ અંતર્ગત કાવ્ય પઠનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ અટલ બિહારી બાજપેયજીનાં કાવ્યોનું ઉત્તમ કાવ્ય-પઠન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શબ્દ-સુમન દ્વારા અંજલિ આપવામાં આવી હતી.



# એકપાત્રીય અભિનય ૨૦૨૫ અને ૨૦૨૬





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્ કૉલેજ વેડછીમાં તારીખ: ૨૧/૧૨/૨૦૨૪ના રોજ EPCના ભાગરૂપ એકપાત્રીય અભિનયનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વૈવિધ્યપૂર્ણ પાત્રોનો અભિનય રજૂ કર્યો હતો. કોઈ ધરતીમાતા બન્યું હતું તો કોઈએ રાણી લક્ષ્મીબાઈ, મોબાઈલ, જળ, કસ્તુરબા, શ્રવણ, જાદુગર જેવા પાત્રો ભજવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આનંદપ્રદ અને જ્ઞાનપ્રદ રહ્યો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૧૭/૦૧/૨૦૨૬, શનિવારના રોજ એકપાત્રીય અભિનયનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સંચાલક ડૉ. ક્રિષ્નાબેન કટારા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વૈવિધ્યપૂર્ણ પાત્રોનો અભિનય રજૂ કર્યો હતો. કોઈ ધરતીમાતા બન્યું હતું તો કોઈએ ગાંધારી, મીરાંબાઈ, મોબાઈલ, વૃક્ષ, લેખિકા, વિદ્યાર્થી, નાનું બાળક, ખેડૂત, સુર્ય પુત્ર કર્ણ જેવા પાત્રો ભજવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આનંદપ્રદ અને જ્ઞાનપ્રદ રહ્યો.









# જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરત દ્વારા “હું શિક્ષક છું” કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ :૦૪/૦૧/૨૦૨૬ના દિવસે DITE સુરત થી તાલીમાર્થીઓ કૉલેજમાં આવ્યા હતા. તેઓ પાંચ દિવસ તાલીમ માટે રોકાયા હતા. તેમણે આ પાંચ દિવસ દરમિયાન અલગ અલગ પ્રવૃત્તિઓમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે પ્રવૃત્તિઓમાં બાંધણીની ઓઢણીઓમાં રંગકામ, પપેટ શૉ, કઠપૂતળીઓ, વારલી પેઈન્ટીંગ, દૈનિક કાર્યોમાં ખૂબ જ આનંદભેર ભાગ લીધો હતો. છેલ્લા દિવસે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેમણે નૃત્ય, ગીતો, એક પાત્રીય અભિનય જેવી કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી.







# કારકિર્દી કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૧૬/૦૧/૨૦૨૬ના રોજ કારકિર્દી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કારકિર્દી વિશે જોબ માટે કઈ લાયકાત હોય તો કયા જોબ મળી શકે તે વિશેની માહિતી આ કાયર્ક્રમના વક્તા અભયભાઈ શાહ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેની સાથે જ એવું પેમ્પલેટ આપવામાં આવ્યું જેથી આ માહિતીઓ તેમને આગળ જતા પણ કામ આવી શકે.





# વસંત પંચમીની ઊજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૩/૦૧/૨૦૨૬ના રોજ વસંત પંચમીની ઊજવણી કરવામાં આવી હતી. કોઈ કાર્યની શરૂઆત કરતાં પહેલા પ્રભુને યાદ કરવુ જ જોઈએ અને આ કૉલેજમાં તો સરસ્વતી માતાની આરાધના થાય છે, વિદ્યાની દેવી વાસ કરે છે તો તેમને યાદ કરવા વિના કેમ ચાલે ? આ અવસરે કોલેજના અધ્યાપકો અને માનનીય આચાર્ય શ્રી ડૉ. અંજનાબેન ચૌધરી દ્વારા સૌ પ્રથમ તો સરસ્વતી માતા સમક્ષ દીપ પ્રજ્વલિત કરવામાં આવી હતી. ત્યારબાદ વસંતના ગીતો ગવાયા. ડૉ. આંજનાબેન ચૌધરી દ્વારા વસંતની મનમોહક વાતો કરવામાં આવી હતી. આ વાતો ખરેખર હૃદયસ્પર્શી હતી.








# પ્રજાસત્તાક દિવસની ઊજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૬/૦૧/૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક દિવસની ઊજવણી કરવામાં આવી હતી. આ અવસરની શોભા વધારવા માટે અતિથિવિશેષ એવા અમરસિંહ ચૌધરીના પુત્ર સિદ્ધાર્થભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે બી.આર.એસ. અને બી.એડ્. વિભાગ દ્વારા દેશ પ્રત્યેનો ગર્વ લઈ શકાય તેવા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.એડ્. અને બી.આર.એસ. વિભાગ દ્વારા અલગ અલગ દેશભક્તિની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ રેલી કાઢવામાં આવી હતી, જેમાં દેશના વીરોના રણકાર સાથે આ કાર્યક્રમ પરિપૂર્ણ થયો હતો.











# ગાંધી નિર્વાણ દિવસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૩૦/૦૧/૨૦૨૬ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે તેમને યાદ કરવા માટે આ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. આ દિવસે બી.એડ્. અને બી.આર.એસ. વિભાગના વિદ્યાર્થીને ભેગા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બંને વિભાગે સાથે મળીને સ્થિતપ્રજ્ઞના લક્ષણોને ધ્યાને રાખી પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ વૈષ્ણવજનું ગીત ગાવામાં આવ્યું હતું. તે ઉપરાંત બી.એડ્.ના બહેનો દ્વારા ભગવત ગીતાના શ્લોકોનુ પઠન પણ કરવામાં આવ્યું હતું. આ જોઈ એમ લાગતું હતું કે વાતાવરણ ગાંધીમય બની ગયું.







# ગાંધીમેળો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૧૧/૦૨/૨૦૨૬ના રોજ ગાંધીમેળા ખૂબ જ ઉત્સાહભેર અને ભવ્ય રીતે શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીવિચારકો તેમજ અલગ અલગ શાળાઓ, કોલેજોએ ભાગ લીધો હતો અને અનેક સ્ટોલ આ મેળાનું આકર્ષણનું કેન્દ્ર હતા. ત્યારબાદ રાત્રિ સમયે સરસ મઝાનાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અન્ય શાળા કોલેજની જેમ બી.એડ્. અને બી.આર.એસ.ની પણ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા દિવસે સમૂહ કાંતણ પણ કરવામાં આવ્યું હતું. તદ્દુપરાંત ગાંધી વિચારધારકોના વક્તવ્યો આપવામાં આવ્યા, જેમાં જય વસાવડા, વિશાલભાઈ ભાદાણી, ઈન્તેખાબ અન્સારી જેવા વક્તાઓએ પણ હૃદય સ્પર્શી વાતો કરી હતી.











# એક ભારત શ્રેષ્ઠ ભારત સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ :૧૩/૦૨/૨૦૨૬ના રોજ એક ભારત શ્રેષ્ઠ ભારત સેમિનાર માટે તાલીમાર્થીઓને રિસર્ચ આર્ટીકલ પ્રેઝેન્ટ કરવા માટે વાંસદા બી.એડ્. કૉલેજ લઈ જવામાં આવ્યા હતા. આ સેમિનાર માટે તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ રિસર્ચ આર્ટીકલ વિશેની માહિતી, તેને કેવી રીતે તૈયાર કરવું એ વિશેની માહિતી તાલીમાર્થીઓને સાત દિવસ પહેલા જ આપવામાં આવી હતી. તે ઉપરાંત રિસર્ચ આર્ટીકલના મુદ્દાઓ પણ તેમણે તે જ સમયે લઈ લીધા હતા. અને સેમિનાર બાદ સૌ તાલીમાર્થીઓએ ખૂબ જ આત્મવિશ્વાસથી તેમનું રિસર્ચ આર્ટીકલ પ્રેઝેન્ટ કર્યું હતું. આવા કાર્યક્રમો થકી જ તાલીમાર્થીઓના આત્મવિશ્વાસ અને વિચારો બહાર લાવી શકાય છે.









# બજેટ પે ચર્ચા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં તારીખ: ૨૦/૦૨/૨૦૨૬ના રોજ બજેટ પે ચર્ચાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં વક્તા તરીકેની ભૂમિકા ડૉ. રામભાઈ વિસાણા દ્વારા ભજવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષણાર્થીઓને બજેટને લગતી માહિતી આપવામાં આવી હતી. જેમાં શિક્ષણ માટે ૧.૩૫ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી હતી તેમજ ઇનફ્રાસ્ટકચર, કૃષિ, આરોગ્ય જેવા ક્ષેત્રો માટેની ફાળવણી વિશે માહિતી આપી હતી.





સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ. કોલેજમાં વિદ્યાર્થી બજેટ ચર્ચા

ગાંધી વિદ્યાપીઠ વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ. કોલેજમાં વિદ્યાર્થીઓ બજેટથી માહિતગાર થાય તેવા હેતુથી કોલેજમાં બજેટ પે ચર્ચા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યાપક ડૉ. રામ વીસાણાએ બજેટ એટલે શું? બજેટ શા માટે રજૂ કરવામાં આવે છે? બજેટ દેશના લોકોને કઈ રીતે અસર કરે સહિતની બાબતે માહિતગાર કર્યા હતા.



# માતૃભાષા દિવસની ઊજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૧/૦૨/૨૦૨૬ના રોજ માતૃભાષા દિવસની ઊજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. અંજનાબેન ચૌધરી તથા સમગ્ર અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ વાત એ રહી કે ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એડ્યુકેશન (IITE), ગાંધીનગર તથા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી સુરતના એમ.એડ્.ણા અને બી.એડ્.ના તાલીમાર્થીઓ સાથે મળીને કાર્યક્રમનું સંચાલન અને આયોજન સંભાળ્યું હતું. ગુજરાતી પદ્ધતિશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડૉ. ભાવનાબેન મહેતાએ ઉદ્બોધનમાં ગુજરાતી સાહિત્યના વારસાને ઉજાગર કર્યો હતો. આપણી ભાષા આપણો ગર્વ છે તે બાબતની જાગૃતિ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવી હતી.









# સંસ્થા મુલાકાતે શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષની મુલાકાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૩/૦૨/૨૦૨૬ના રોજ સંસ્થા મુલાકાતે શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ બી. પટેલ આવ્યા હતા. તેમણે તાલીમાર્થીઓને લક્ષ તરફ પ્રયાણ કરે તેવું ખૂબ જ ઉત્તમ વક્તવ્ય આપી પ્રોત્સાહિત કર્યા.








# યુથ એસેમ્બલી કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ :૨૪/૦૨/૨૦૨૬ના રોજ **યુથ એસેમ્બલી કાર્યક્રમ** કરવામાં આવ્યો હતો. જેમણે આ  કાર્યક્રમ કરવા માટેનો અવસર પ્રાપ્ત થયો હતો તેઓ જિલ્લા પ્રા. ઓફિસર મીતભાઈ ચૌહાણ આ અવસરે હાજર હતા. આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બી.એડ્. તાલીમાર્થીઓ અને બી.આર.એસ. વિદ્યાર્થીઓએ પણ તેમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સૌને **AI-એક વરદાન કે અભિશાપ, આત્મનિર્ભર ભારત, ચુંટણી, ક્લાયમેટ ચેન્જ, ફિટ ઈન્ડિયા હિટ ઈન્ડિયા** મુદ્દાઓ આપવામાં આવ્યા હતા. આ મુદ્દાઓ પૈકી જેને જે મુદ્દામાં વધુ રસ હોય તે મુદ્દા વિશે તેમણે બોલવાનું હતું. આ કાર્યક્રમની ખાસિયતએ બની કે તે માત્ર વકતૃત્વ સ્પર્ધા નહીં પરંતુ ગ્રુપ ડિસ્કશન બન્યું સૌ એ પ્રશ્નો પણ કર્યા. આ કાર્યક્રમમાં ત્રણ વ્યક્તિઓના નંબર આવ્યા હતા. પ્રથમ સ્થાને પરમાર ફ્રોરમબેન, દ્વિતીય સ્થાને ધવલભાઈ અને તૃતીય સ્થાને પટેલ કામિનિબેન રહ્યાં.  આવા કાર્યક્રમો યુથના વિચારો જાણવા અને તેમને હાલની પરિસ્થિતિ વિશે જાગૃત કરવા ખૂબ જ ઉત્તમ બની રહે છે.








# EPC અંતર્ગત લોકનૃત્ય પર સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૫/૦૨/૨૦૨૬ના રોજ EPC અંતર્ગત લોકનૃત્ય પર સેમિનાર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકનૃત્યની સમજ આપવા માટે વક્તા તરીકે ઉશ્કેર હાઈસ્કુલના આચાર્ય શ્રી ધવાલસિંહ સોલંકી આવ્યા હતા. તેમણે લોકનૃત્ય વિશેની ઊંડાણપૂર્વકની માહિતી આપી. ગરબાના ૪ પ્રકારો વિશે અને બીજા લોકનૃત્યો વિશે હૃદયમાં ઉતરી જાય અને આપણી સંસ્કૃતિ પર ગર્વ થાય એ રીતે મધુર સ્વર દ્વારા ગરબાઓનું ગાયન કરીને માહિતી આપી. એક શિક્ષક તરીકે જે માહિતી હોવી જોઈએ તેમજ EPC જે વિવિધ કૌશલ્યોના વિકાસ માટે પ્રવૃતિઓ કરાવે છે તેવી જ આ પ્રવૃતિને ઊંડાણપૂર્વક સમજવાનો અવસર આ કાર્યક્રમ દ્વારા તાલીમાર્થીઓને મળ્યો હતો.









# આદિવાસી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તાલીમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૬/૦૨/૨૦૨૬ના રોજ **આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાંધીનગર દ્વારા આયોજિત આદિવાસી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તાલીમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરસિંહ ચૌધરી, સી.સી.ચૌધરી, તેજલબેન અને મુખ્ય વક્તા તરીકે ઈંતેખાબ અન્સારી સાહેબ આવ્યા હતા. જેમાં તેમણે આદિવાસીઓ પ્રત્યેની તેમની લાગણીઓ તેમજ તેમના હકો વિશે ચર્ચા કરી હતી. વધુમાં તેમણે તાલીમાર્થીઓને B.Ed પૂર્ણ કર્યા બાદ તેઓ બીજી પરીક્ષાઓ તેમજ તે સિવાયની પણ અન્ય કયા ક્ષેત્રોમાં આગળ વધી શકે તે પણ જણાવીને વિવિધ દિશાઓ તરફ આગળ વધવા માટેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આવા કાર્યક્રમો થકી તાલીમાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન મહેતાએ કર્યું હતું.







# વનભોજન (કાવલા કંસેરી)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૭/૦૨/૨૦૨૬ના રોજ વનભોજન માટે સવારે ૭:૩૦ વાગ્યે કૉલેજ કેમ્પસમાંથી કાવલા કંસેરી જવા માટે રવાના થયા હતા. ત્યાં પહોંચ્યા બાદ તાલીમાર્થીઓએ આનંદભેર આવા પાવન સ્થળની સફાઈનું કાર્ય કર્યું, સમૂહમાં કાર્ય કરવા જેવી કોઈ મજા જ કાઈ અલગ હોય ને ? મંદિરના પગથિયાં વગેરેનું રંગકામ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓએ સમૂહમાં રસોઈ બનાવી હતી. આ અવસરનો વધુ આનંદ માણતા તાલીમાર્થીઓએ ગરબાની મોજ પણ માણી હતી.






# બ્લોક કોડિંગ સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુસન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી. એડ્. કૉલેજ વેડછીમાં **તારીખ : ૨૮/૦૨/૨૦૨૬**ના રોજ **બ્લોક કોડિંગ સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુસનનો** કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્ટિફિકેટ આપવા માટે આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડૉ. રોનક પંચાલ આવ્યા હતા. આ કાર્યક્રમ જે તાલીમાર્થીઓએ કોડિંગના ઓનલાઈન ક્લાસમાં હાજર રહ્યાં હતા તે બધાને જ આ સર્ટિફિકે ટ એનાયત કરવામાં આવ્યા હતા.










# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવો, વિજ્ઞાન પ્રત્યે રસ જાગૃત કરવો તથા સમાજમાં વૈજ્ઞાનિક વિચારસરણીનો પ્રસાર કરવો હતો. આ પ્રસંગે તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા નાટક, ગીતો તેમજ વિવિધ સર્જનાત્મક રજૂઆતો વિજ્ઞાન વિષયક જનજાગૃતિ લાવવામાં આવી હતી. ડૉ. મહેશભાઈ વાડિલે દ્વારા પ્રાસંગિક વક્તવ્ય રજૂ થયું. સમગ્ર કાર્યક્રમમાં અંધશ્રદ્ધાનો ત્યાગ કરી તર્કસંગત અને વૈજ્ઞાનિક વિચારધારા અપનાવવાની વાત રજૂ થઈ.



# ૨ દિવસીય પ્રવાસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ :૦૬/૦૩/૨૦૨૬ના રોજ સાંજે ૭ વાગ્યે કૃષ્ણભક્તિમાં લીન થઈ દ્વારિકાધીશના ધામ જવા માટે રવાના થયા હતા. દ્વારિકાધીશના ગીતોનું આનંદ માણતા જાણે મન ત્યાં જ પહોંચી ગયું હોય તેવી અનુભૂતિ થતી હતી. દ્વારિકાનગરી ૦૭/૦૩/૨૦૨૬ પહોંચ્યા. જાણે મન પ્રફુલ્લિત થઈ નૃત્ય કરી રહ્યું હોય તેમ લાગતું હતું. સૌ પ્રથમ બેટ દ્વારિકાના દર્શન કર્યા હતા. રાત્રિ સમયે દ્વારિકાના દરિયાકિનારે આનંદ માણ્યો, ત્યારબાદ બીજા દિવસે દ્વારિકાધીશના દર્શન થયા. ત્યાંથી ગોમતી નદીએ જઈ ત્યાંની સુંદરતા નિહાળી. ત્યાંથી નીકળ્યા બાદ ચોટીલા ધામ જઈ ગરબાની રમઝટ લીધી. ત્યારબાદ કૉલેજ પરત જવા માટે નીકળ્યા હતા.








# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૮/૦૨/૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવો, વિજ્ઞાન પ્રત્યે રસ જાગૃત કરવો તથા સમાજમાં વૈજ્ઞાનિક વિચારસરણીનો પ્રસાર કરવો હતો. આ પ્રસંગે તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા નાટક, ગીતો તેમજ વિવિધ સર્જનાત્મક રજૂઆતો વિજ્ઞાન વિષયક જનજાગૃતિ લાવવામાં આવી હતી. ડૉ. રામભાઇ વિસણા દ્વારા પ્રાસંગિક વક્તવ્ય રજૂ થયું. સમગ્ર કાર્યક્રમમાં અંધશ્રદ્ધાનો ત્યાગ કરી તર્કસંગત અને વૈજ્ઞાનિક વિચારધારા અપનાવવાની વાત રજૂ થઈ.











# ઉમાશંકર જોશીની જન્મ જયંતિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ : 21 જૂલાઈ 2025 ના રોજ **વિશ્વમાનવસમા કવિ શ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતીની ગરિમા પૂર્ણ ઉજવણી કરવામાં આવી.** દીપ પ્રગટાવી, પુષ્પ અર્પણ કરી તેઓની દિવ્ય ચેતનાને વંદન કરીને કાર્યક્રમનો પ્રારંભ



કર્યો.તાલીમાર્થીઓએ શ્રી ઉમાશંકર જોષીનાં કાવ્યોનું પઠન કરી, તેમને શબ્દાંજલી અર્પી એક તાલીમાર્થી એ તેમના જીવન - કવન વિશે અત: થી ઈતિ વિગતો રજુ કરી.

કોલેજના **ગુજરાતી પદ્ધતિ શાસ્ત્રના અધ્યાપક ડૉ. ભાવના મહેતાએ** શ્રી ઉમાશંકર જોશીના વિશિષ્ટ ગુણો જેવા કે, રાષ્ટ્રભક્તિ, પ્રકૃતિ પ્રેમ, માનવતા, સંવેદનશીલતા વગેરે



ગુણોની વાત કરી. વધુમાં તેઓએ ઉમેર્યું કે, 20 વર્ષની નાની ઉંમરે જ વિશ્વ શાંતિ જેવું ઉત્તમ કાવ્ય-સર્જન તેમને વિશ્વ માનવ બનવે છે. અંતે સર્જકનાં જ ઉત્કૃષ્ટ કાવ્યોની થોડી પંક્તિઓનું ભાવવાહી પઠન કરીને માતૃભાષાને અનહદ ચાહનાર આ માતૃભાષાના સાધકને નતમસ્તક વંદન કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું. અંતે સૌએ સાથે મળીને "ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા" ગીતનું ભાવવાહી ગાયન કરી સર્વેજનોએ આ વિશ્વ માનવને ભાવાંજલિ અર્પિને કાર્યક્રમ પૂર્ણ કર્યો. આ તકે કૉલેજનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો.



# જુગતરામ દવેની જન્મજયંતિ(સેવાદિન)



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ વેડછી સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર, બી.એડ્. કોલેજ, વેડછીમાં તારીખ: ૦૧/૦૯/૨૦૨૬ વેડછીનો વડલો એવા ગાંધી રંગે રંગાયેલા અને ગાંધી ચિંધ્યે માર્ગે ચાલનારા ખરાં સ્વાતંત્ર્ય સેનાની આદરણીય શ્રી જુગતરામ દવેની જન્મજયંતિ નિમિત્તે સેવાદિનની ગરીમા પૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ પવિત્ર અવસર પર 40 વર્ષના અધ્યાપનીય અનુભવ ધરાવતા અનુ આધુનિક યુગના એક ઉત્તમ સાહિત્યકાર ડૉ. મીનલબેન દવે ખાસ ભરુચથી વ્યાખ્યાન માટે પધાર્યા હતા. સવારે ચા નાસ્તા બાદ કાર્યક્રમની શરૂઆત થઈ. રંગલા રંગલીના આગમનથી ઉપાસના ખંડમાં સૌને આશ્ચર્ય થયું કે આ કોણ આવ્યું? તેઓએ સુંદર રીતે સમગ્ર ગ્રકાર્યક્રમનું સંચાલન કર્યું. સૌપ્રથમ સંસ્થાના પ્રમુખ શ્રી અમરસિંહભાઈ ચૌધરીએ સર્વને આવકાર્યા અને પ્રાસ્તાવિક પ્રવચન કર્યું. ડૉ. મીનલબેનનું સ્વાગત રેંટિયાની પ્રતિકૃતિ તેમ જ સુતરની આરતીથી કરવામાં આવ્યું. તેમનો પરિચય ડૉ. ભાવના મહેતાએ આપ્યો. ત્યારબાદ સુંદર મજાના ગીતનું ગાયન ગ્રામશાળા વેડછીનાં શિક્ષક અને વિદ્યાર્થીઓએ કર્યું.

મીનલબેન દવેએ પોતાની આગવી શૈલમાં સરસ વ્યાખ્યાન આપ્યું. એ પહેલા કોલેજની એસ.વાય.,બી.એડ્.ની દીકરીઓએ જુગતરામ દવે રચિત ગીત અંતર પટ અદીઠ ગીતનું ખૂબ જ સુંદર ગાયન કર્યું. મીનલબેન દવેએ પોતાના વ્યાખ્યાનની શરૂઆત સ્કૂલ ઓન ધ માઉન્ટેન ફિલ્મથી કરી. વધુમાં જણાવ્યું કે, જુગતરામ દવે વેડછીમાં આવી એ રીતે કાર્યરત થયા કે તેઓ લગ્ન, પરિવાર, પૈસા બધુ જ ભૂલી ગયાં. 90 વર્ષનાં તેમનાં આયુષ્ય દરમિયાન તેમનું પોતાનું કહી શકાય તેવું એક નાનું ઘર પણ ન કર્યું. જુગતરામ દવે સેવા થકી જ વેડછીનો વડલો બન્યા. વ્યાખ્યાનના અંતે પ્રશ્નોત્તરી અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના મનમાં ઉદ્ભવેલા પ્રશ્નો પૂછ્યા અને વક્તા શ્રી મીનલબેન દવેએ સંતોષકારક ઉત્તર આપી પોતાના વ્યાખ્યાને પૂર્ણ કર્યું. ત્યારબાદ સમાજ સેવા મહાવિદ્યાલય, વેડછીના પ્રિન્સિપાલ શ્રીમતી ભાવનાબેન ગરાસિયાએ સૌનો આભાર માન્યો. કાર્યક્રમના અંતે રાષ્ટ્ર ગીતનું ગાન કરી, સૌએ ભોજનાલય તરફ પ્રયાણ કર્યું. આ કાર્યક્રમમાં ગાંધી વિદ્યાપીઠનાં સર્વે કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓ તેમજ કારોબારી સભ્યો ઉપરાંત આજુબાજુમાં રહેતાં ઘણા ગ્રામજનો/વડીલો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને દીપાવવા સંસ્થાના મંત્રીશ્રી તથા બી.એડ્. કોલેજના આચાર્યશ્રી ડૉ. અંજનાબેન ચૌધરીએ સર્વને માર્ગદર્શન અને મદદ પૂરા પાડ્યા હતા. ગાંધી વિદ્યાપીઠનાં B.Ed. તથા B.R.S. ના તમામ અધ્યાપકો અને તાલીમાર્થીઓ આ કાર્યક્રમને સફળ બનાવવા ખડે પગે હતાં.



## ONGC, હજીરા પ્લાન્ટ, સુરત આવ્યું ગાંધી વિદ્યાપીઠ વેડછીની મુલાકાતે....



સ્વચ્છોત્સવનાં ભાગરૂપે તેઓએ સૌને પોલિથીન બેગનો ઉપયોગ ટાળવાનું આહવાન કર્યું.

તેમનાં ઉદ્દેશ્યને વેગ આપવા સાથે લાવેલી કપડાની બેગ તમામ તાલિમાર્થીઓને આપી. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી પ્રકૃતિનું રક્ષણ કરવા માટે આહ્વાન કર્યું.



તેમજ ભવિષ્યમાં પણ સંસ્થાને ઉપયોગી બનવાની ખાતરી સાથે હાલ કમ્પોસ્ટ ખાતર માટેની વ્યવસ્થા ઊભી કરી આપી.



આ તકે ONGCનાં તમામ મહિલા હોદ્દેદારોનો સંસ્થાના પ્રમુખશ્રી અમરસિંહભાઈ ઝેડ. ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો.

# ONGC, હજીરા પ્લાન્ટ, સુરત દ્વારા ગાંધી વિદ્યાપીઠ વેડછીની મુલાકાતે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૨૯/૧૧/૨૦૨૬ના રોજ ONGC, હજીરા પ્લાન્ટ, સુરત દ્વારા ગાંધી વિદ્યાપીઠ વેડછીની મુલાકાતે આવ્યા હતા. સ્વચ્છોત્સવનાં ભાગરૂપે તેઓએ સૌને પોલિથીન બેગનો ઉપયોગ ટાળવાનું આહવાન કર્યું. તેમનાં ઉદ્દેશ્યને વેગ આપવા સાથે લાવેલી કપડાની બેગ તમામ તાલિમાર્થીઓને આપી. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી પ્રકૃતિનું રક્ષણ કરવા માટે આહ્વાન કર્યું. તેમજ ભવિષ્યમાં પણ સંસ્થાને ઉપયોગી બનવાની ખાતરી સાથે હાલ કમ્પોસ્ટ ખાતર માટેની વ્યવસ્થા ઊભી કરી આપી. આ તકે ONGCનાં તમામ મહિલા હોદ્દેદારોનો સંસ્થાના પ્રમુખશ્રી અમરસિંહભાઈ ઝેડ. ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો.











# BHAGAVAT GITA DISTRIBUTION

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્ કૉલેજ વેડછીમાં તારીખ : ૧૫/૦૧/૨૦૨૬ના રોજ BHAGAVAT GITA DISTRIBUTION કરવા માટેનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અતિથિવિશેષ તરીકે શ્રીમાન ચુનીલાલ મોહત્તા આવ્યા હતા. તેમણે જીવન જીવવાની સાચી રીત કે જે શ્રી કૃષ્ણ અર્જુનને કહી ગયા હતા તેનો જ સાર આ ભગવત ગીતાના પાવન પુસ્તકમાં દર્શાવ્યું છે, આવી અનેક હૃદયસ્પર્શી વાતો તેમણે અલગ અલગ ઉદાહરણ સાથે સમજાવી હતી. તદ્ઉપરાંત તેમણે આ કાર્યક્રમમાં દરેકને ભગવત ગીતા આપી અને આ કાર્યક્રમનો અંત પણ ખૂબ જ પાવન રીતે કર્યો હતો. તેમણે આ કાર્યક્રમનો અંત ભજનના ગાન સાથે કર્યો અને તાલીમાર્થીઓ પણ તેમાં સહભાગી થયા હતા.







# NTF અંતર્ગત પરીક્ષા પે ચર્ચા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર વેડછીમાં તારીખ: ૨૫/૧૧/૨૦૨૫ ના રોજ NTF અંતર્ગત પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓને પરીક્ષાની કઈ તીતે તૈયારી કરવી તેમજ પેપર લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ ધાર્યા પરિણામ મુજબ પરિણામ ન મળે તો હિંમત ન હારવાની અને પુરુષાર્થનો કોઈ વિકલ્પ નથી જેવી પ્રેરણાત્મક વાત કરી હતી. તમામ તાલીમાર્થીઓની આંખોમાં પરીક્ષા માટેની ઉત્સુકતા અને સખત મહેનત કરવાની તૈયારી ચમકી ઉઠી હતી. આત્મવિશ્વાસથી પરીક્ષા આપી શકે તેટલો આત્મવિશ્વાસ તેઓના ચહેરા પર છલકાતો હતો.



# ઈનોવેશન કલબ અંતર્ગત ફિલ્ડ ટ્રિપ

ગાંધી વિધાપીઠ વેડછી સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર  બી એડ કોલેજ તારીખ:18/09/2025 ને વાર ગુરુ ના રોજ બી એડ સેમ 1 ના તાલીમાર્થીઓને ઈનોવેશન કલબ અંતર્ગત ફિલ્ડ ટ્રિપ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રૂરલ સ્ટાર્ટ અપ અને encubation માટે turmeric processing, Cashew  nut process and Honey bee keeping centre vaghai ranbhaas ખાતે મુલાકાત લીધી હતી તાલીમાર્થીઓએ પ્રશ્નોતરી કરી હતી.





